For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### વડીવાડી ફાયર સ્ટેશન નજીક ગમખ્વાર અકસ્માત

# અટલ બ્રિજ પર ડમ્પરનું ટાયર યુવતી પર ફરી વળતા કરુણ મોત

**નંબર** પ્લેટ વગરના ડમ્પર મામલે ચાલક-માલિકની ધરપકડ

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

વડોદરા શહેરના અટલ બ્રિજ પર વડીવાડી ફાયર સ્ટેશન નજીક પૂરઝડપે અને ગફલતભરી રીતે દોડી રહેલા ડમ્પરે એક્ટિવા સવાર યુવતીને અડફેટે લેતાં તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ ડમ્પર ચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો. જોકે, ગોરવા પોલીસે ગણતરીના કલાકોમાં જ ચાલકને ઝડપી પાડી ડમ્પર કબજે લીધું હતું.



મૃતક હેતવી માંડણ

પ્રાપ્ત વિગતો મુજબ, મૃતક યુવતીની ઓળખ હેતવી જીતેન્દ્રભાઈ માંડણ (રહે. ભાઈનગર, મારુતિ ધામ, દિવાળીપુરા) તરીકે થઈ છે. તે એક્ટિવા લઈને અટલ બ્રિજ પરથી પસાર થઈ રહી હતી, ત્યારે પાછળથી આવેલા ડમ્પરે તેને ટક્કર મારી હતી. ટક્કર બાદ ડમ્પરનું પાછળનું વિશાળ ટાયર યુવતી પર ફરી વળતાં તેનું સ્થળ પર જ મોત થયું હતું. બનાવની જાણ થતાં ગોરવા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગોત્રી હોસ્પિટલ ખસેડ્યો હતો. આ મામલે ગુનો નોંધાયા બાદ પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર સહિતના ઉચ્ચ અધિકારીઓની સૂચનાથી તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં ફરાર ડમ્પર ચાલક દિવ્યકુમાર મહેન્દ્રભાઈ ચૌહાણ (ઉં.વ. 26, રહે. હરિપુરા ગામ, વડોદરા)ને ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન અકસ્માત સર્જનાર ડમ્પર પાછળ નંબર પ્લેટ ન હોવાનું પણ સામે આવ્યું હતું. પોલીસે ડમ્પર કબજે લઈ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. શહેરમાં બેફામ દોડતાં ભારે વાહનો સામે કડક કાર્યવાહી કરવાની માગ ઉઠી છે.

### મૃતક માતા સાથે રહી MSUમાં અભ્યાસ કરતી હતી

હાથી નગરમાં રહેતી અને એમ.એસ. યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી દીપ્તિબેનનું ડમ્પરની અડફેટે આવી જતાં મોત નીપજ્યું હતું. દીપ્તિબેન પોતાના ઘરેથી પૂજાનો સામાન લેવા માટે નીકળ્યાં હતાં. આ દરમિયાન રસ્તા પરથી પસાર થઈ રહેલા ડમ્પર ચાલકે તેમને અડફેટે લીધાં હતાં. અકસ્માતમાં ગંભીર ઇજાઓ પહોંચતાં તેમનું મોત થયું હતું. મૃતક યુવતીના પિતા વિદેશમાં રહે છે, જ્યારે દીપ્તિબેન અહીં માતા સાથે રહેતાં હતાં. યુવાન દીકરીના અકસ્માતમાં મોતના સમાચારથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. આ ઘટનાને પગલે વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ હતી.





ડમ્પર ચાલક

### પ્રતિબંધ છતાં શહેરમાં માતેલા સાંઢની જેમ દોડતાં ડમ્પરો

## ભારદારી વાહનોને છૂટો દોર આપનાર ખાખીધારીઓ સામે કાર્યવાહી ક્યારે...?

**નિર્દોષ** નાગરિકોના જીવ જોખમમાં ગેરકાયદે હેરાફેરી પાછળની સાંઠગાંઠની તપાસ જરૂરી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 20

વડોદરા શહેરમાં ભારદારી વાહનોના પ્રવેશ માટે પ્રતિબંધ અને નિયત સમયમર્યાદા હોવા છતાં બેફામ દોડતાં ડમ્પરો સામે પોલીસ તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. સૂત્રોના જણાવ્યા મુજબ, કેટલાક પોલીસ અધિકારીઓની કથિત રહેમનજર હેઠળ નિયમોનો ભંગ કરીને ભારદારી વાહનોને શહેરમાં પ્રવેશ આપવામાં આવતો હોવાની ચર્ચા છે. આક્ષેપોની નિષ્પક્ષ તપાસ થાય તો જ હકીકત બહાર આવી શકે તેમ છે. બીજી તરફ, માતેલા સાંઢની જેમ દોડતાં ભારદારી વાહનો નાના વાહનચાલકો માટે જીવલેણ સાબિત થઈ રહ્યાં છે. અટલ બ્રિજ પર ડમ્પરની ટક્કરે એક્ટિવા સવાર મહિલાનું મોત આ ગંભીર સમસ્યાની ચેતવણી સમાન છે. અકસ્માત બાદ ચાલકની ધરપકડ થઈ, પરંતુ સવાલ એ છે કે આવા અકસ્માતો અટકાવવા માટે અગાઉથી શું પગલાં લેવાય છે? નિયમોનો ભંગ કરનારા વાહનચાલકો સામે દંડાત્મક કાર્યવાહી પૂરતી નથી. જો કોઈ અધિકારીની મિલીભગતથી ગેરકાયદે પ્રવેશ થતો હોય તો તેની પણ તપાસ થવી જોઈએ. હવે જોવાનું એ છે કે પોલીસ તંત્ર ખરેખર કડક કાર્યવાહી કરશે કે પછી નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મૂકતી આ સ્થિતિ યથાવત્ રહેશે.



### અકસ્માત બાદ મારામારી

અકોટા બ્રિજ પર મોપેડ અને બાઈક વચ્ચે અકસ્માત બાદ ચાલકો વચ્ચે બોલાચાલી અને હાથાપાઈ થઈ હતી. મોપેડ પર દંપતી સાથે બાળક પણ હતું. સદનસીબે કોઈને ઈજા થઈ નહોતી. લોકોની દરમિયાનગીરીથી મામલો થાળે પડ્યો હતો.

### નશામાં રીક્ષા પલટી

વડોદરાના ચકલી સર્કલ પાસે નશામાં



રીક્ષા ચલાવતા ચાલકે કાબૂ ગુમાવતા વાહન પલટી ગયું હતું. સદનસીબે જાનહાનિ ટળી હતી.

### મનુબર ગામ નજીક કાર ટ્રક સાથે અથડાતાં કારનો કચ્ચરઘાણ વળ્યો

## દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર ભીષણ અકસ્માતમાં PSI સહિત ત્રણનાં મોત

**પીએસઆઈ** વડોદરામાં ડીસીબીમાં ફરજ બજાવતા હતા : એક વ્યક્તિ ગંભીર ઈજાગ્રસ્ત, ટ્રકચાલક ફરાર





(પ્રતિનિધિ) ભરૂચ તા.20

ભરૂચ જિલ્લાના મનુબર ગામ નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર કાર અને આઈશર ટ્રક વચ્ચે ભીષણ માર્ગ અકસ્માત સર્જાતાં વડોદરા ડિટેક્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચ (DCB)માં ફરજ બજાવતા પોલીસ સબ-ઈન્સ્પેક્ટર (PSI) સહિત ત્રણ વ્યક્તિઓનાં કરુણ મોત નીપજ્યાં હતાં. જ્યારે અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરાથી ભરૂચ તરફ જઈ રહેલી કાર મનુબર ગામ નજીક ટ્રક સાથે અથડાઈ હતી. પ્રાથમિક માહિતી મુજબ, કાર પાછળથી ટ્રક સાથે અથડાયા બાદ અન્ય વાહન સાથે પણ ટકરાઈ હતી. આ દરમિયાન કાર પલટી જતાં તેનો સંપૂર્ણપણે કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માતની ગંભીરતાને કારણે કારમાં સવાર ત્રણ વ્યક્તિઓનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. આ દુર્ઘટનામાં મૃત્યુ પામનારાઓમાં વડોદરા DCBમાં ફરજ બજાવતા PSI યશ પટેલ, મહેસાણાના 27 વર્ષીય પાર્થ પટેલ અને 28 વર્ષીય અસ્ફાક મોનીનનો સમાવેશ થાય છે. અકસ્માતમાં ઘાયલ થયેલી એક વ્યક્તિને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી.

### પીએસઆઈના લગ્ન ૨૦૨૪માં જ થયા હતા

વડોદરા PCBમાં PSI તરીકે ફરજ બજાવતા અધિકારીનાં લગ્ન વર્ષ 2024માં થયાં હતાં. માતા-પિતાના લાડકવાયા દીકરાના અકસ્માતમાં મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. તેમની એક બહેન ઓસ્ટ્રેલિયામાં રહે છે. બહેન વિદેશથી આવે ત્યારબાદ અંતિમવિધિ માટે મૃતદેહ સોંપાશે. હાલ મૃતદેહ નડિયાદની મહાગુજરાત હોસ્પિટલના કોલ્ડ રૂમમાં રાખવામાં આવ્યો છે.

### ગોપનીયતા જાળવવા કોર્ટરૂમમાં કડક સૂચના

## વડોદરા ફેમિલી કોર્ટમાં ઓડિયો-વિડિયો રેકોર્ડિંગ પર પ્રતિબંધનાં પોસ્ટરો લગાવાયાં

**પોક્સો** કેસમાં રેકોર્ડિંગ કરી શકે તેવા ચશ્મા અંગેના વિવાદ બાદ સાવચેતી વધારાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 20

વડોદરાની ફેમિલી કોર્ટમાં કોર્ટની કાર્યવાહી દરમિયાન ઓડિયો કે વિડિયો રેકોર્ડિંગ નહીં કરવા અંગે કડક સૂચના આપતાં પોસ્ટરો લગાવવામાં આવ્યાં છે. કોર્ટના જજના આદેશ અનુસાર વકીલો અને પક્ષકારોને કોઈપણ પ્રકારનું ઓડિયો કે વિડિયો રેકોર્ડિંગ નહીં કરવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

કોર્ટની ગોપનીયતા જળવાઈ રહે અને ન્યાયિક કાર્યવાહીની પવિત્રતા જળવાય તે હેતુથી આ પગલું લેવામાં આવ્યું હોવાનું માનવામાં આવે છે. કોર્ટરૂમની અલગ-અલગ દિવાલો પર આવા ઓછામાં ઓછા દસ જેટલાં પોસ્ટરો




લગાવવામાં આવ્યાં હોવાનું જણાવાયું છે. તેમાં સ્પષ્ટપણે સૂચના આપવામાં આવી છે કે વકીલો તથા પક્ષકારોએ કોર્ટની અંદર કોઈપણ પ્રકારનું ઓડિયો કે વિડિયો રેકોર્ડિંગ કરવું નહીં.

આ સૂચના પાછળ તાજેતરમાં ચર્ચામાં આવેલા એક બનાવને મહત્ત્વપૂર્ણ કારણ માનવામાં આવે છે. મળતી માહિતી મુજબ, પોક્સો ગુનાના એક કેસમાં ઈન-કેમેરા કાર્યવાહી ચાલી રહી હતી ત્યારે રેકોર્ડિંગ કરી શકે તેવા ચશ્મા પહેરવા અંગેનો મુદ્દો સામે આવ્યો હતો. આ કેસમાં વકીલ અને તેમના અસીલ દ્વારા આવા ચશ્માનો ઉપયોગ થતો હોવાની શંકા સામે આવ્યા બાદ અન્ય એક વકીલે આ બાબત ધ્યાન પર લાવી હતી. ત્યારબાદ કોર્ટે ચશ્મા જમા લીધા હોવાનું જણાવવામાં આવે છે. આ મામલે સેશન્સ જજ દ્વારા નોટિસ આપી ખુલાસો માંગવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળે છે. પોક્સો જેવા સંવેદનશીલ કેસોમાં પીડિતાની ઓળખ, સાક્ષીઓની વિગતો અને ન્યાયિક કાર્યવાહીની ગોપનીયતા જાળવવી અત્યંત મહત્ત્વપૂર્ણ હોય છે. આવા સંજોગોમાં રેકોર્ડિંગની શક્યતા સામે આવતાં કોર્ટોમાં સાવચેતી વધારવામાં આવી રહી છે. વડોદરાની ફેમિલી કોર્ટમાં આ રીતે અનેક સ્થળોએ સૂચનાનાં પોસ્ટરો લગાવવામાં આવતાં વકીલઆલમ અને વકીલ મંડળમાં પણ આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે.

## શિક્ષકોના બિનશૈક્ષણિક કામનું ભારણ ઘટાડવા સરકારની કવાયત

**ઉચ્ચસ્તરીય** સમીક્ષા બેઠકમાં વિશેષ સમિતિ રચવાનો નિર્ણય

**તાલીમ,** ઓનલાઈન એન્ટ્રીઓ અને અન્ય વિભાગોની કામગીરીની સમીક્ષા થશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

રાજ્યના શિક્ષકો પર વધી રહેલા બિનશૈક્ષણિક કામના ભારણને ઘટાડવા માટે રાજ્ય સરકારે મહત્વનું પગલું ભર્યું છે. ગાંધીનગર ખાતે યોજાયેલી ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં શિક્ષકોની કામગીરી સરળ બનાવવા માટે વિશેષ સમિતિ રચવાની સૂચના આપવામાં આવી છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા શિક્ષકોનું કામનું ભારણ ઘટાડવા રજૂઆત કરવામાં આવ્યા બાદ આ કવાયત હાથ ધરવામાં આવી છે.

શિક્ષણ વિભાગના અગ્રસચિવ અને પ્રાથમિક શિક્ષણ નિયામકની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં શિક્ષણ વિભાગ, જીસીઈઆરટી અને સમગ્ર શિક્ષણના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં શિક્ષકોની તાલીમ, વિવિધ ઓનલાઈન પોર્ટલ પર કરવાની એન્ટ્રીઓ તેમજ અન્ય સરકારી વિભાગો દ્વારા સોંપવામાં આવતી કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

શિક્ષકોની દૈનિક કામગીરીમાં પડતી મુશ્કેલીઓ અને બિનશૈક્ષણિક જવાબદારીઓના ભારણ અંગે અધિકારીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. શિક્ષકોને શિક્ષણકાર્ય માટે વધુ સમય મળી રહે તે માટે કામગીરીનું સરળીકરણ કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર, ઉચ્ચ અધિકારીઓની સમિતિ શિક્ષકોને સોંપાતી વિવિધ કામગીરીના તમામ પાસાઓનો તલસ્પર્શી અભ્યાસ કરશે. ત્યારબાદ સમિતિ પોતાનો વિગતવાર અહેવાલ રાજ્ય સરકારને સુપરત કરશે. આ અહેવાલના આધારે સરકાર શિક્ષકો અને વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને આખરી નિર્ણય લેશે.

## ધાર્મિક ટિપ્પણીનો વીડિયો વાયરલ કરનાર યુવકે માફી માગી

(પ્રતિનિધિ) વડોદરા તા.20

શહેરના ગોત્રી-સેવાસી રોડ પર આવેલા જાણીતા ખાનગી કાફેનો એક વિવાદાસ્પદ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સ્થાનિક સ્તરે ચર્ચા અને વિવાદ સર્જાયો છે. વીડિયોમાં કાફેમાં કામ કરતો યુવક ‘અલ્લાહુ અકબર બોલો, નહીં તો અહીં રહેવા નહીં દઉં’ તેવી કથિત ટિપ્પણી કરતો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

વીડિયો વાયરલ થતાં હિન્દુ સંગઠનના કાર્યકર્તાઓ કાફે ખાતે પહોંચ્યા હતા અને મેનેજમેન્ટ તથા સંબંધિત યુવક સાથે વાતચીત કરી હતી. કાર્યકર્તાઓએ જાહેર સ્થળે આવી ટિપ્પણી ન કરવા સમજાવ્યું હતું. ત્યારબાદ યુવકે પોતાની ભૂલ સ્વીકારી માફી માગી હતી અને ભવિષ્યમાં આવી ઘટના નહીં બને તેવી ખાતરી આપી હોવાનું જાણવા મળ્યું છે. જોકે, વાયરલ વીડિયોમાં થયેલી ટિપ્પણીના સંદર્ભ અને સમગ્ર ઘટનાની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી.

### ૫૦૦થી ૭૦૦ કર્મચારીઓ એકસાથે આંદોલન કરે તેવી રૂપરેખા

## રેવન્યુ વિભાગ બાદ હવે વેટ સહિતના સરકારી વિભાગોના કર્મચારીઓ આંદોલનના માર્ગે

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરાઃ રાજ્યના રેવન્યુ વિભાગના કર્મચારીઓની હડતાળ બાદ હવે વેટ વિભાગ સહિત વિવિધ સરકારી વિભાગોના કર્મચારીઓએ પણ પડતર પ્રશ્નોના ઉકેલ માટે આંદોલન કરવાની તૈયારી શરૂ કરી છે. કર્મચારી મહામંડળ સમિતિ અને સંકલન સમિતિ સાથે સંકળાયેલાં વિવિધ કર્મચારી મંડળો દિવાળી પહેલાં સંયુક્ત હડતાળ પર ઊતરે તેવી શક્યતા છે. આ આંદોલનમાં 500થી 700 કર્મચારીઓ જોડાય તેવી સંભાવના સૂત્રો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

કર્મચારીઓ દ્વારા જૂની પેન્શન યોજના, ગ્રેડ પે, ફિક્સ પગાર અને પ્રમોશન સહિતના પ્રશ્નો અંગે રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ અગાઉ અનેક રજૂઆતો કરવામાં આવી છે. જોકે, માગણીઓનો સંતોષકારક ઉકેલ નહીં આવતાં કર્મચારીઓમાં નારાજગી વધી રહી છે. કર્મચારી મંડળોનું માનવું છે કે લાંબા સમયથી પડતર પ્રશ્નોનો સમયસર ઉકેલ નહીં આવતાં કર્મચારીઓના હિતો અને કામ કરવાની પ્રેરણા પર અસર પડી રહી છે.

વેટ વિભાગના કર્મચારીઓમાં ખાતાકીય બદલી, પ્રમોશન અને વધતા કાર્યબોજના પ્રશ્નો લાંબા સમયથી પડતર છે. આસિસ્ટન્ટ કમિશનરના પ્રમોશન તથા પાછલી અસરથી પ્રમોશન આપવાના મુદ્દે પણ ઉકેલ આવ્યો ન હોવાની રજૂઆત છે. હિસાબ અને તિજોરી વિભાગના કર્મચારીઓના પ્રમોશન તેમજ આઈટીઆઈના કર્મચારીઓના ગ્રેડ પેના પ્રશ્નો પણ યથાવત્ હોવાનું જણાવાયું છે.

સંભવિત આંદોલનમાં જમીન રેકર્ડ, રોજગાર અને તાલીમ, વાહન વ્યવહાર, આરોગ્ય, હિસાબ અને તિજોરી તથા નાણાં વિભાગ સહિતના કર્મચારીઓ જોડાય તેવી શક્યતા છે. જૂની પેન્શન યોજનાની માગણીને લઈને કેન્દ્રીય કર્મચારી મંડળો પણ આંદોલનમાં જોડાય તે દિશામાં ચર્ચા ચાલી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

વારંવાર રજૂઆતો છતાં પ્રશ્નોનો ઉકેલ નહીં આવતાં વિવિધ મંડળો સંયુક્ત લડતની તૈયારી કરી રહ્યાં છે. કર્મચારીઓની માગણીઓ અંગે સરકાર દ્વારા સકારાત્મક નિર્ણય લેવામાં આવે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. જો દિવાળી પહેલાં હડતાળ યોજાશે તો સરકારી કચેરીઓની કામગીરી અને નાગરિક સેવાઓને અસર થઈ શકે છે. જોકે, હડતાળની તારીખ અને અંતિમ કાર્યક્રમ અંગે સત્તાવાર જાહેરાત થવાની બાકી છે.

## આપઘાતની ત્રણ અલગ-અલગ ઘટનાઓમાં ત્રણનાં મોત

**મંજુસર,** વડુ અને વરણામા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનાવો

**પોલીસે** અકસ્માતે મોતના બનાવોની તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા જિલ્લાના મંજુસર, વડુ અને વરણામા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આપઘાતની ત્રણ અલગ-અલગ ઘટનાઓ સામે આવી છે. આ બનાવોમાં ત્રણ વ્યક્તિનાં મોત નીપજ્યાં છે. પોલીસે અકસ્માતે મોતના બનાવોની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મંજુસરના શિશવા ગામના ઈન્દિરાનગરમાં રહેતા 52 વર્ષીય રાજુભાઈ માળીના પિતાનું વર્ષ 2023માં હાર્ટ એટેકથી અવસાન થયું હતું. ત્યારથી તેઓ માનસિક તણાવમાં રહેતા હતા. દરમિયાન તેમણે પોતાના ઘરના શેડના લોખંડના પાઈપ સાથે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું.

વડુ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોભા ગામના 43 વર્ષીય મહિપતસિંહ રતનસિંહની પત્ની બે બાળકો સાથે પિયરમાં રહેતી હતી. આ બાબતે મનમાં લાગી આવતાં તેમણે ઝેરી દવા પી લીધી હતી. તેમને સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં તેમનું મોત થયું હતું.

વરણામા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રામનાથ ગામે રહેતા મધ્યપ્રદેશના વતની 23 વર્ષીય મીનેશ ખુરબાન નિહરતા સુરતમાં મજૂરી કામ કરતા હતા. સુપરવાઈઝરની પત્નીને પડીકી આપીને ફોન કરવા અંગે સુપરવાઈઝરે સમજાવતાં તેમને મનમાં લાગી આવ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ત્યારબાદ તેમણે જૂની પંચાયત કચેરીમાં ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. પોલીસે ત્રણેય બનાવોમાં વધુ તપાસ હાથ ધરી છે.

### ૧૨ વર્ષ જૂના વિવાદનો અંત લાવવાની દિશામાં નિર્ણય

## યુસુફ પઠાણને તંદલજામાં ૯૭૮ ચો.મી. જમીન ફાળવવાના પ્રસ્તાવને સરકારની મંજૂરી

**500 ચો.મી.** જમીન ભેટમાં અને ૪૭૮ ચો.મી. જમીન રાહત દરે આપવાની જોગવાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ઓલરાઉન્ડર અને સાંસદ યુસુફ પઠાણને વડોદરાના તંદલજા વિસ્તારમાં આવેલી વિવાદિત જમીન ફાળવવાના પ્રસ્તાવને ગુજરાત સરકારે મંજૂરી આપી હોવાનું જાણવા મળ્યું છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC)ના 978 ચોરસ મીટરના પ્લોટની બજારકિંમત આશરે રૂ.20.53 કરોડ આંકવામાં આવી છે. આ નિર્ણયથી 2012થી ચાલી રહેલા વિવાદનો ઉકેલ લાવવાની દિશામાં માર્ગ મોકળો થયો છે.



પ્રસ્તાવ મુજબ, જમીનના 500 ચોરસ મીટરનો હિસ્સો રહેણાક ઉપયોગ માટે ભેટસ્વરૂપે અને બાકીના 478 ચોરસ મીટરનો હિસ્સો સરકારી મૂલ્યાંકનના 55 ટકા ભાવે આપવાની જોગવાઈ છે. હવે VMCએ સ્ટેન્ડિંગ કમિટી અને જનરલ બોર્ડ સહિતની જરૂરી ઔપચારિક પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. આ ફાળવણીને ભવિષ્યમાં અન્ય કિસ્સાઓ માટે દાખલા તરીકે ગણવામાં નહીં આવે તેવી શરત પણ મૂકવામાં આવી હોવાનું જણાવાયું છે.

આ વિવાદની શરૂઆત 2012માં થઈ હતી. યુસુફ પઠાણે તંદલજામાં પોતાના બંગલાની બાજુમાં આવેલા કોર્પોરેશનના પ્લોટની માંગણી કરી હતી. તે સમયે VMCએ જાહેર હરાજી વિના 99 વર્ષના લીઝ પર જમીન આપવાનો પ્રસ્તાવ રાજ્ય સરકારને મોકલ્યો હતો. જોકે, જૂન 2014માં સરકારે કિંમતી જમીન ખુલ્લી હરાજી વિના ફાળવવા સામે વાંધો ઉઠાવી પ્રસ્તાવ નામંજૂર કર્યો હતો. ત્યારબાદ જમીન પર કબજાને લઈને વિવાદ વધ્યો હતો. 2024માં VMCએ દબાણ હટાવવા નોટિસ આપતાં યુસુફ પઠાણે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. ઓગસ્ટ 2025માં સિંગલ બેન્ચે કાયદાથી ઉપર કોઈ ન હોવાની ટકોર કરી હતી. બાદમાં અદાલતી કાર્યવાહી વચ્ચે 31 ઓગસ્ટ 2026ના રોજ પઠાણે અરજી બિનશરતી પાછી ખેંચી લીધી હોવાનું જણાવાયું છે.

### સાયબર ક્રાઈમની નિષ્ફળતાનો વધુ બનાવ

## મોબાઈલ અપડેટ થતાં જ બે બેંક ખાતાંમાંથી રૂ.૭૧ હજાર ગાયબ

**કે.જી. જ્વેલર્સમાં** નોકરી કરતા યુવક સાથે સાયબર ઠગાઈ, પાણીગેટ પોલીસમાં ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

શહેરમાં સાયબર ઠગાઈનો વધુ એક બનાવ સામે આવ્યો છે. આજવા રોડની મેમણ કોલોનીના મિન્હાસ પાર્કમાં રહેતા અને માંડવી સ્થિત કે.જી. જ્વેલર્સમાં નોકરી કરતા 26 વર્ષીય સાહિલ મન્સુરીના બે બેંક ખાતાંમાંથી રૂ.71 હજાર ઉપડી જતાં ચકચાર મચી છે.

સાહિલના જણાવ્યા અનુસાર, ગત 11 ઓક્ટોબરે તેઓ જ્વેલર્સની દુકાને હાજર હતા ત્યારે પત્નીને ફોન કરવા મોબાઈલ હાથમાં લીધો હતો. આ દરમિયાન મોબાઈલમાં સિસ્ટમ આપમેળે અપડેટ થવા લાગી હતી. ત્યારબાદ બેંક ખાતાંમાંથી નાણાં કપાયાના મેસેજ મળતાં તેમણે બેલેન્સ તપાસ્યું હતું. જેમાં અલાવી કો-ઓપરેટિવ બેંકના ખાતામાંથી રૂ.44 હજાર અને કોટક મહિન્દ્રા બેંકના ખાતામાંથી રૂ.27 હજાર ઉપડી ગયાનું જાણવા મળ્યું હતું. ઘટનાની જાણ થતાં સાહિલે તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર 1930 પર ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ તેમણે મોબાઈલ ફોન ફોર્મેટ કરી દીધો હતો. આ મામલે પાણીગેટ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખસ વિરુદ્ધ ઠગાઈની ફરિયાદ નોંધાવવામાં આવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. સાયબર છેતરપિંડીના વધતા બનાવો વચ્ચે મોબાઈલ અપડેટ થયા બાદ નાણાં ગુમાવવાની ઘટનાએ સાયબર સુરક્ષા સામે સવાલો ઊભા કર્યા છે.

### ચાર દિવસથી હજારો લીટર પાણીનો વેડફાટ

## મકરપુરાની શ્રીજીનગર સોસાયટીમાં ચાર જગ્યાએ પાણીની લાઈનમાં લીકેજ

**વારંવાર** રજૂઆત છતાં સમારકામ નહીં થતાં રહીશોમાં રોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

શહેરના મકરપુરા રોડ પર આવેલી શ્રીજીનગર સોસાયટીમાં છેલ્લા ચાર દિવસથી પીવાના પાણીની મુખ્ય લાઈનમાં ચાર અલગ-અલગ જગ્યાએ લીકેજ સર્જાતાં હજારો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, પાણી પુરવઠો શરૂ થતાં જ લીકેજવાળી જગ્યાએથી પાણીના ફુવારા ઊડવા લાગે છે અને સોસાયટીના આંતરિક રસ્તાઓ પર પાણી ભરાઈ જાય છે.



એક તરફ ચોખ્ખું પીવાનું પાણી રસ્તા પર વહીને વેડફાઈ રહ્યું છે, તો બીજી તરફ ઘરોમાં પાણીનું ઓછું પ્રેશર મળતાં રહીશોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રસ્તાઓ પર પાણી ભરાવાથી રાહદારીઓ અને વાહનચાલકોને પણ અવરજવરમાં હાલાકી ભોગવવી પડે છે.

રહીશોએ આક્ષેપ કર્યો છે કે પાણીની લાઈનમાં લીકેજ અંગે મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીઓ અને સંબંધિત વિભાગને વારંવાર મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં હજુ સુધી સમારકામ માટે કોઈ કર્મચારી સ્થળ પર પહોંચ્યો નથી. તંત્રની આ બેદરકારીને કારણે સ્થાનિકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

એક તરફ પાણી બચાવવાના અભિયાનો ચલાવવામાં આવે છે, ત્યારે બીજી તરફ પીવાના પાણીનો આટલો મોટો જથ્થો વેડફાતાં રહીશોએ તંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા છે.